એ.જા.નં. ૨૭૩૪

એસ્ટેટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર
તા.૧૮.૦૩.૨૦૨૫

## -: પ્રેસ નોટ :-

ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ, યોજના વિભાગ, ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ, ટાઉન પ્લાનિંગ વિભાગ તથા ફાયર વિભાગની સંયુક્ત ટીમ દ્વારા પી.જી.વિ.સી.એલ. તથા પોલીસ વિભાગના સ્ટાફની સાથે રહી ગૌરીશંકર તળાવ (બોરતળાવ)થી ક્રીક સુધીના ગઢેચી વોટર બોડી શુધ્ધિકરણના પ્રોજેક્ટ માટે કુંભારવાડા બ્રિજ થી ક્રિક સુધીના આશરે ૮૦૦ મીટર વિસ્તારમાં ગઢેચી વોટર બોડીના બંને કાંઠે પ્રથમ દિવસે (તા ૧૮.૦૩.૨૦૨૫ના રોજ) કુલ ૧૮૫ ગેરકાયદેસર દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

આજે (તા ૧૮/૦૩/૨૦૨૫ ના રોજ) ઉપરોક્ત ટીમ દ્વારા કુંભારવાડા બ્રીજથી જવાહર નગર ફાટક તરફ બંને કાઠે અંદાજે ૮૦૦ મીટર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામગીરી દરમ્યાન અંદાજે ૨૧૫ જેટલા ગેરકાયદેસર દબાણો દુર કરાયેલ છે.

આમ કુલ બે દિવસોમાં કુલ ૪૦૦ ગેરકાયદેસર દબાણો દુર કરી ગઢેચી વોટરબોડીના બંને કાઠે અંદાજે ૧૬૦૦ મીટર વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

આગામી દિવસોમાં જવાહરનગર ફાટકથી શાસ્ત્રીનગર બ્રીજથી ગઢેચી વડલાથી બોરતળાવ સુધીના વિસ્તારોમાં પ્રમાણભૂત માલિકી આધારો તથા બાંધકામ મંજૂરીના આધારો રજૂ ન કરેલ અથવા આધારોની પૂર્તતા ન કરેલ હોય તેવા ગેરકાયદેસર બાંધકામોનું મહાનગરપાલિકા દ્વારા દબાણ દુર કરવામાં આવનાર છે.

એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

---

પ્રતિ માન.તંત્રી મહોદયશ્રી.

---

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક વર્તમાન પત્રમાં લોક હિતાર્થે વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી છે.

પી.આર.ઓ.
મહાનગરપાલિકા,ભાવનગર